## ACC (Angel Community College) અને VTC (Vocational Training Center નો કામકાજ કરાર

### PART-A

- VTC (Vocational Training Center)ની મુદ્દત પ્રથમ ચરણ માં એક વર્ષ ની રેહશે.અંજેલ કોમ્યુનિટી કોલેજના નીતિ નિયમોની નિયમતા તેમજ પરિપૂર્ણતાના આધારે વધારાની મુદ્દત VTC (Vocational Traning Center)ને આપવામાં આવશે. આ નીતિ નિયમોની પરિપૂર્ણતા મંજૂરી અંગેનો આખરી નિર્ણય અંજેલ કોમ્યુનિટી કોલેજનો રેહશે.
- જો VTC (Vocational Training Center) દ્વારા અંજેલ કોમ્યુનિટી કોલેજના નીતિ-નિયમો અને નિર્દેશોનો ભંગ થશે તો તેવા સંજોગો માં તે VTC (Vocational Training Center)ની મંજૂરી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.
- ફક્ત અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા નિમાયેલ અને મંજૂર કરેલ રિસોર્સ પર્શન્સ /તાલીમ નિષ્ણાતો /સંચાલકો જે તે તાલીમની કામગીરી VTC (Vocational Training Center) મુકામે કરી શકશે. આ વ્યક્તિઓ આ અંગે કોઈ જ દાવા કે અંજેલ કોમ્યુનિટી કોલેજ સામે કરી શકશે નહીં.
- જો કોઈ પણ તાલીમાર્થી કે અન્ય વ્યક્તિ દ્વારા VTC (Vocational Training Center)ની ગેર-શિસ્ત અને ગેર-રીતિ અંગે ફરિયાદ ધ્યાન પર આવશે તો VTC (Vocational Training Center)ની કામગીરી તાત્કાલિક મોકૂફ કરવાનો હક્ક અંજેલ કોમ્યુનિટી કોલેજને રેહશે. અંજેલ કોમ્યુનિટી કોલેજ ને અબાધિત હક્ક કે VTC (Vocational Training Center)ને એક નોટિશ આપ્યા પછી તેની મંજૂરી રદ કરી શકશે.ત્યાર બાદ જો કોઈ પ્રત્યુત્તર નિયત સમયમાં નહીં મળે તો એવું માની લેવામાં આવશે કે VTC (Vocational Training Center) ને ફરિયાદ સ્વીકાર્ય છે. અને અંજેલ કોમ્યુનિટી કોલેજ તે VTC (Vocational Training Center)ની મંજૂરી કાયમી માટે રદ કરી ઉપરાંત દંડ અને અન્ય કાનૂની જોગવાઈ VTC (Vocational Training Center)ને લાગુ કરી શકશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજના નિર્દેશોનુસાર તેમજ વખતો વખત પાડવામાં આવેલ સૂચિત કામગીરી સેંટરે અમુક કરવાની રહેશે .તેમજ સદર કામગીરીનું યોગ્ય પણે અમલ માં મૂકવા જરૂરી કાર્યવાહી હાથ ધરવાની જ્વાબદારી VTC (Vocational Training Center) ની રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ તાલીમના પ્રોસ્પેક્ટ્સ /લીફ્લેટ્સ (તાલીમ કાર્યક્રમોની માહિતી ) તાલીમ માં જોડાતા ઇચ્છુક લાભાર્થી ઓને આપવાની રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા નિર્ધારિત અને સૂચિત જેતે તાલીમ કાર્યક્રમની ફી તાલીમાર્થી પાસેથી લેવાની રહેશે. આ ફી ઉપરાંત અન્ય ગેર કાયદેસર રીતે ઉઘરાવેલ ફી એક ગંભીર ગુનો ગણાશે અને VTC (Vocational Training Center)ની મંજૂરી કોઈ પણ નોટિસ આપ્યા વિના રદ કરવામાં આવશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા માન્ય તાલીમ કાર્યક્રમો માટે તાલીમાર્થીના પ્રવેશ ફ્રોર્મ ફી સાથે સ્વીકારવાના રહેશે અને કોઈ પણ પ્રકારના વિલંબ વિના અને નીતિ નિયમો તેમજ માર્ગદર્શિકાનુસાર સદર હું તાલીમાર્થી ઓના પ્રવેશ ફ્રોર્મ તથા જરૂરી ફી અંજેલ કોમ્યુનિટી કોલેજમાં મોકલવાના રહેશે.

| ACC | VTC |
|---|---|
| | |

- તાલીમાર્થી ઓના પ્રવેશ ફોર્મની ડુપ્લિકેટ કોપી VTC (Vocational Training Center) મુકામે રાખવાની રહેશે. અને જ્યારે પણ અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા માંગવામાં આવે કે તરત જ રજૂ કરવાનું રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજના નીતિ નિયમો કે નિર્દેશોનુસાર પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને ઓળખપત્રો આપવાના રહેશે. અને આ અંગે કોઈ પણ વધારાનો ચાર્જ તાલીમાર્થી પાસેથી લેવો નહીં ,ઓળખપત્ર વિના પરીક્ષામાં બેસી શકશે નહીં.
- CCTV કેમેરા તથા ફાયર સેફટીના સાધનો દરેક સેંટરે ફરજિયાત લગાવવા ના રહેશે અને સરકારી ધારા-ધોરણ અનુસાર નીતિ-નિયમો અનુસાર કામગીરી કરવાની રહેશે.
- VTC (Vocational Training Center) ના ઇન્સ્પેક્શન વખતે દરેક વર્ષના તાલીમાર્થી ઓની માહિતી, તાલીમાર્થી ઓનું રજીસ્ટર,ફી રજીસ્ટર ,ફી બુક, કર્મચારીનું રજીસ્ટર વગેરે બતાવવાનું રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા વાર્ષિક અભ્યાસ ક્રમ નું સમય પત્રક આપે તે સમય પત્રકને ફરજિયાત અનુસરવાનું રહેશે. ગમે તે સમયે રજા જાહેર કરવી કે રજા આપવી નહીં.
- પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓની વિગત તપાસિને કોર્ષ પ્રમાણેના ફોર્મ અલગ અલગ ફાઇલમાં જરૂરી તાલીમાર્થીના પ્રમાણિત કરેલા પ્રમાણપત્રોની નકલ ,ફોટા અને ફી નિયત કરેલ સમયમાં અંજેલ કોમ્યુનિટી કોલેજ ખાતે સ્વ ખર્ચે પહોચતા કરવાના રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા નિર્ધારિત અભ્યાસ સામગ્રી વિના મૂલ્યે તાલીમાર્થીને આપવાની રહેશે.જે દરેક તાલીમાર્થીને સમયસર અને વિના વિલંબે મળે તેની જવાબદારી VTC (Vocational Training Center)ની રહેશે .
- અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા નક્કી થયેલ નિયમો મુજબ તાલીમના મુખ્ય હેતુ ઓ ,સ્વ રોજગાર ની તકો,તાલીમ પ્રક્રિયા ,થીયરી,પ્રેક્ટિકલ વર્ક ,મૂલ્યાંકન ,પ્રમાણપત્ર ,પ્લેસમેંટ,ફોલો-અપ ફીડબેક અંગે સમયે સમયે પાઠવવાની જવાબદારી રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા નિર્દેશોનુસાર સેંટરે ક્લાસરૂમ ,લેબોરેટરી ,વર્કશોપ ,વર્ક VTC (Vocational Training Center) અને અન્ય સુવિધાઓ વ્યવસ્થિત રીતે પૂરી પાડવાની રહેશે.
- સેંટરે ઇન્સ્પેક્શન તપાસ દરમિયાન અંજેલ કોમ્યુનિટી કોલેજના અધિકારી /કર્મચારી ગણ ને સદર કાર્યવાહી માટે સહકાર અને સહયોગ આપવાનો રહેશે.
- VTC (Vocational Training Center) દ્વારા તમામ હિસાબો તાલીમને સંલગ્ન વ્યવસ્થિત રીતે રાખવાના રહેશે અને સમયસર આપવાના રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજની પરવાનગી વગર અંજેલ કોમ્યુનિટી કોલેજના નામે સિક્કા ,લેટર પેડ કે અન્ય કોઈ પણ છાપકામ કરવું નહીં. અન્યથા VTC (Vocational Training Center)નું રજીસ્ટ્રેશન રદ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ સાથેના કોઈપણ પ્રકાર ના વાદ વિવાદ ના કેસ માં છોટાઉદેપુર મુકામ ની જ્યુરીડીકશન કોર્ટ અને ટ્રિબ્યુનલ માન્ય રહેશે. VTC (Vocational Training Center)ની મંજૂરી તેમજ અન્ય કોઈપણ બાબત અંગે વિવાદ ની સ્થિતિમાં અંજેલ કોમ્યુનિટી કોલેજનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
- અંજેલ કોમ્યુનિટી કોલેજ ને ઓફિસ નિયમોના ધારા -ધોરણ માં ફેરફાર કરવાનો અધિકાર રહેશે.

| ACC | VTC |
|---|---|
| | |

## PART-B

- અંજેલ કોમ્યુનિટી કોલેજના નીતિ નિયમો મુજબ તાલીમાર્થી ઓના પ્રવેશ ફોર્મ VTC (Vocational Training Center) સ્વીકારી શકશે અને આ તાલીમાર્થીના  ફોર્મ ચકાસણી કર્યા પ્રવેશ માન્ય ગણવામાં આવશે.
- VTC (Vocational Training Center) ને અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા નિર્ધારિત તાલીમ સામગ્રી પ્રાપ્ત થશે.
- VTC (Vocational Training Center) દ્વારા એડમિશન ફી, તાલીમ ફી અને અન્ય ચાર્જિસ ની અરજી અંજેલ કોમ્યુનિટી કોલેજ દ્વારા નિર્ધારિત મુજબ ચૂકવવાની રહેશે અને ઉપરોક્ત કામગીરી બજાવવા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી શકશે.
- અગાઉ થી અંજેલ કોમ્યુનિટી કોલેજને જાણ અને મંજૂરી મેળવીને VTC (Vocational Training Center) મુકામે પરીક્ષા આયોજી શકાશે.
- દરેક વિદ્યાર્થી ના ફોર્મ તમામ ડોકયુમેન્ટ, અને ફોટોગ્રાફ સાથે સંપૂર્ણ માહિતી આપવાની રહેશે.
- દરેક વિદ્યાર્થી ના મોબાઈલ નંબર અને ઈમેલ સાચા અને જે તે વિદ્યાર્થીના જ આપવાના રહેશે.
- દરેક વિદ્યાર્થી ને યુનિવર્સીટી ના સંપર્ક નંબર  અને એસીસી ના 9727340937, 7486943740 તેમના ફોન માં સેવ (SAVE) કરવાના રહેશે નહીંતર યુનિવર્સીટી કે એસીસી તરફ થી થતા કોઈ પણ મેસેજ વિદ્યાર્થી સુધી પહેંચશે નહિ જેની સંપૂર્ણ જવાબદારી જે તે VTC (Vocational Training Center) ની રહેશે.
- વિધ્યાર્થીઑ માટે સરકારી-ધારા ધોરણ અનુસાર પ્રેક્ટિકલ તાલીમની કે On the Job training ની વ્યવસ્થા VTC એ જાતે કરવાની રહેશે.
- સ્કોલરશીપ ઉપર ભણતા વિદ્યાર્થી જેવા કે ST, SC, NTDNT ના વિધાર્થી પાસે એડમિશન ફોર્મ ની સાથે આપેલી બાંહેધરી ઉપરાંત પરીક્ષા ફી , ફોર્મ ફી, અને એનરોલમેન્ટ ફી ફરિજયાત ભરવાની રહેશે.
- સ્કોલરશીપ ઉપર ભણતા વિદ્યાર્થી જેવા કે ST, SC, NTDNT ના વિધાર્થી પાસે એડમિશન ફોર્મ ની સાથે કોર્ષ ની અવધિ ઉપરાંત એક ચેક તારીખ વગર નો વધારાનો લેવાનો રહેશે જેમ કે 3 વર્ષ ના કોર્ષ માટે 4 ચેક, 2 વર્ષ ના કોર્ષ માટે 3 ચેક અને 1 વર્ષ ના કોર્ષ માટે 2 ચેક ફરજીયાત લેવાના રહેશે ચેક જે તે વિદ્યાર્થી ના નામ નો જ હોવો જોઈએ અને તે યુનિવર્સીટીમાં જમા કરવાનો રહેશે.
- સ્કોલરશીપ ઉપર ભણતા વિદ્યાર્થીના સ્કોલરશીપના ફોર્મ સરકારશ્રીની સમયમર્યાદા માં ઓનલાઇન ભરી યુનિવર્સીટી કાર્યાલયમાં કે એસીસીમાં  હાર્ડ કોપી માં જમા કરવાના રહેશે.
- સ્કોલરશીપ ઉપર ભણતા વિદ્યાર્થી ની સ્કોલરશીપ કોઈ પણ કારણો સર રદ થાઈ છે તો પણ જે તે વિદ્યાર્થી ફી ભરપાઈ કરવા માટે બંધાયેલ છે અને તેની જવાબદારી જે તે VTC (Vocational Training Center) ની રહેશે.
- સ્કોલરશીપ ઉપર ભણતા વિદ્યાર્થી ની સ્કોલરશીપ મંજુર થતાં વિધ્યાર્થી ને મળતા તેની પાસેથી જમા કરીને University કે ACC માં સ્કોલરશીપ ફી પેટે જમા કરવાની રહેશે.

| ACC | VTC |
|---|---|
| | |

## PART-C

A. તારીખ :__________________________વાર__________________ ના રોજ થી અમલ માં આવતા નીચે મુજબ ના નિયમો નું અમલીકરણ કરવાનું હોવાથી દરેક VTC (Vocational Training Center) ના વડા એ નીચે મુજબના નિયમો ચોકકસપણે અમલમાં લેવાના રહેશે.

B. દર વર્ષ તા.____________થી તા._____________સુધીનો એક વર્ષનો આ સમજૂતી કરાર અમલ માં રહેશે.

C. દરેક વર્ષ ની તા. 25 થી 31 મે દરમ્યાન સમજૂતી કરારનું નવીનીકરણ કરાવી લેવાનું રહેશે.અન્યથા આપની સંસ્થાનું જોડાણ આપોઆપ રદ થશે. ત્યારબાદ સમજૂતી કરાર પુનઃ નવી શરતોને આધીન રહેશે.

D. આપે જે વિધાર્થીઓને પ્રવેશ આપેલ છે તેમાં વિધ્યાર્થીઓના ફોર્મ પ્રમાણે નિયત પત્રક પ્રમાણે સંપૂર્ણ માહિતી અંગ્રેજીમાં ભરી એનરોલમેંટ નંબર સાથે ની ફાઇલ પ્રવેશ પૂર્ણ થયા બાદ અચૂક અંજેલ કોમ્યુનિટી કોલેજમાં આપવાની રહેશે. ફાઇલની સાથે વિધ્યાર્થી દીઠ રૂ......................... ફી જમા કરવવાની રહેશે .નિયત પત્રક ની હાર્ડ તથા સોફ્ટ કોપી રજૂ કરવાની રહેશે.

E. દરેક VTC (Vocational Training Center) પરના વિધ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા અંજેલ કોમ્યુનિટી કોલેજ નક્કી કરે તે સ્થળ પર જે તે વર્ષે ફરજિયાત આપવાની રહેશે. આપ જ્યારે વિધ્યાર્થી ઓની પરીક્ષા ફાઇલ અંજેલ કોમ્યુનિટી કોલેજની ઓફિસમાં જમા કરવો ત્યારે વિધ્યાર્થી દીઠ પરીક્ષા ફી રૂ.......................... જમા કરાવવાના રહેશે અને અમારા પત્રકોના નમૂના પ્રમાણે સંપૂર્ણ વિગતો ટાઈપ કરી હાર્ડ અને સોફ્ટ કોપી રજૂ કરવાના રહેશે.

F. આપ જ્યારે પણ જાહેર ખબર અથવા VTC (Vocational Training Center)નું બોર્ડ, બેનર બનાવો ત્યારે અંજેલ કોમ્યુનિટી કોલેજના નામનો તેમજ લોગોનો ઉપયોગ કરવા માટે અગાઉથી એ પરવાનગી લેવી પડશે.

G. આપના VTC (Vocational Training Center) પર અંજેલ કોમ્યુનિટી કોલેજમાથી બે કે ત્રણ નિરીક્ષકો વર્ષમાં બે કે ત્રણ વાર મુલાકાત લેશે. જેમાં સંસ્થાના સંપૂર્ણ ચકાસણી કરશે આવનાર નિરીક્ષકોનો સંપૂર્ણ સાથ આપવાનો રહેશે.

ઉપર દર્શાવેલ તમામ નીતિ નિયમો મે ધ્યાન પૂર્વક વાંચી સમજી વિચારીને નોંધ લીધી છે ,જે મને સંપૂર્ણ પણે સ્વીકાર્ય છે

**નોંધ :** અંજેલ કોમ્યુનિટી કોલેજ છોટાઉદેપુર એ વોકેશનલ કોર્ષ ની તાલીમ આપતી ગુજરાત સરકાર અને ભારત સરકાર રજી. સંસ્થા છે. UGC ના $12^{th}$ Plan પ્રમાણે Skill Development માટે વિવિધ University અને Council અને સરકારી સંસ્થા કે અન્ય Skill Development યુનિટ સાથે જોડાણ કરીને કાર્ય કરે છે. વધુ માહિતી અને અન્ય Update માટે http://accnongov.org.in website માં જોતાં રેહવું.

| ACC | VTC |
|---|---|
| | |